ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આજે જયા-પાર્વતી વ્રતનું જાગરણ જાહેર સ્થળોએ પોલીસ વોચ રાખશે

## શહેરના ઉદ્યાનો, સિનેમા ગૃહો અને બાલનગરી સહીતના સ્થળોએ રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવાશે : છાકટા તત્વો દંડાશે

ગાંધીનગર, તા. ૨૩

આજે જયા-પાર્વતીના જાગરણ નિમિત્તે શહેરના જાહેર સ્થળોએ રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવી દેવાશે. શહેરના બગીચાઓ, સિનેમાગૃહો તેમજ બાલનગરી સહીતના સ્થળોએ પોલીસ વિશેષ વોચ રાખશે. જ્યારે આ દરમિયાન કોઈ શકમંદ કે છાકટા બનેલા નબીરાઓ સહીત છેડતી કરતા તત્વો માલુમ પડશે તો પોલીસતંત્ર સખત કાર્યવાહી કરશે.

ગૌરીવ્રત બાદ જયા-પાર્વતીના વ્રતના લીધે શહેરમાં મોડી રાત સુધી જનજીવનમાં વિશેષ ચહલ-પહલ જોવા મળે છે. સે. ૬માં સ્થિત બાલનગરી તેમજ ઘ-૪ સ્થિત ઉદ્યાનો અને સ્વર્ણિમ પાર્કમાં રાત્રિના સમયે નાગરિકોની ભીડ જામે છે. તેમાંય પ્રતિવર્ષ જાગરણના દિવસે રાત્રિની રોનક નિખરતા શહેરના જાહેર સ્થળો પર યુવક-યુવતિઓ સહીત પરિવારજનોની ભીડ જામેલી જોવા મળે છે. બુધવારે પણ જયા-પાર્વતી વ્રતનું જાગરણ હોવાથી નગરના ઉદ્યાનો ઉપરાંત સિનેમાગૃહો અને બાલમેળામાં મોડીરાત સુધી સહેલાણીઓની ભીડ ઉમટશે. આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવી દેવાશે.

સે. ૨૧ અને સે. ૭ પોલીસ ઉપરાંત એલ.સી.બી. તેમજ એસ.ઓ.જી. કક્ષાએથી પણ જાહેર સ્થળોએ વોચ રાખવામાં આવશે. જ્યારે પેટ્રોલીંગ દરમિયાન ચોરી કે છેડતીના કોઈ બનાવ ન બને તેની પુરતી તકેદારી રાખવામાં આવશે. જાગરણની રાત્રિ દરમિયાન દારૂ પી ને છાકટા બનતા યુવાનોને ઝડપી લેવા પણ પોલીસ જાહેર સ્થળોએ પહેરો ગોઠવશે. છાકટા બનતા તત્વો સામે પોલીસ સખ્ત કાર્યવાહી હાથ ધરશે.

# આચાર્ય સંવર્ગની બેઠક માટે ચિઠ્ઠી ઉપાડતાં ગાંધીનગરના કાર્તિક પટેલનું ભાવિ પલટાયું

## કાર્તિક પટેલ અને ભરત ચૌધરીને મત ગણતરીમાં સરખા મત મળતાં મા.શિ. બોર્ડમાં પહેલીવાર ચિઠ્ઠીથી વિજય નક્કી કરાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના યુવા અગ્રણી કાઉન્સીલર અને અમદાવાદ નૂતન ફેલોશીપ હાઈસ્કૂલના આચાર્ય શ્રી કાર્તિક પટેલનો આજે માધ્યમિક શિક્ષણ બોર્ડની યોજાયેલ ચૂંટણીની મતગણતરીમાં ચીઠ્ઠીના આધારે વિજય નિશ્ચિત કરવાની ઘડી આવતાં પરાજય થયો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની બે દિવસ પૂર્વે યોજાયેલ ચૂંટણીની મતગણતરી આજે સે. ૧૬ની માધ્યમિક શાળા ખાતે હાથ ધરવામાં આવી હતી. મતગણતરીની કામગીરી સવારે નવ વાગ્યે શરૂ થઈ હતી. શરૂઆતમાં મતપત્રકો અલગ કરાયા બાદ તેને મિક્સ કરી ૨૫ - ૨૫ ની થોકડી બનાવી ગણતરી હાથ ધરવામાં આવી હતી.



આચાર્ય સંવર્ગની ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા અને પોરબંદરની બેઠક માટે શ્રી કાર્તિક પટેલ અને ભરત ચૌધરી વચ્ચે સીધી સ્પર્ધા હતી. મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાય તે પૂર્વે જ ઉત્તેજનાનો માહોલ આ બેઠકની ગણતરીને લઈ છવાયેલો હતો.


આચાર્ય સંઘે આ જંગ પ્રતિષ્ઠાનો બનાવ્યો હતો અને તેના તમામ આગેવાનોએ આ બેઠક પર પોતાની તમામ શક્તિઓનો ઉપીયોગ કર્યો હતો. એક તબક્કે કાર્તિક પટેલનો વિજય નિશ્ચિત બની ગયો હોય તેવું લાગ્યું હતું પરંતુ અંતિમ રાઉન્ડોમાં શ્રી ભરત ચૌધરીએ સારૂ જોર લગાવ્યું હતું.

પરિણામે બન્ને ઉમેદવારને એક સરખા મત થયા હતા. બન્ને

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેરના સીમાડે આવેલ 'ક'રોડ અત્યંત બિસ્માર થઈ જવા પામ્યો છે. જી.આઈ.ડી.સી. નજીકના આ રોડના મરામતની કામગીરી તાત્કાલિક હાથ ધરાય તે જરૂરી છે.
- નિર્મળ ગામ અંતર્ગત આજે ગાંધીનગર તાલુકાના સરપંચોની એક બેઠક સવારે નવ વાગ્યાથી આંબેડકર હોલમાં મળશે. બેઠક બાદ સરપંચો તાલુકાના નિર્મળ ગામની મુલાકાતે પણ જશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ઈન્ચાર્જ પ્રમુખની હાજરીમાં ચૂંટણી અધિકારી તરીકે કલેક્ટરે ફરજ બજાવી હોય તેવી પ્રથમ ઘટના બની છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખની ચૂંટણી પૂર્ણ થયા બાદ સૌ સભ્યોને આઈસ્કીમ પિરસવામાં આવ્યો હતો.
- રાજ્યના મહેસૂલ સચિવ તરીકે ભારત સરકારમાંથી પરત આવેલા શ્રી અનિલ મુકીમને નિમણૂક અપાઈ છે.
- ગુજરાત મા. શિ. બોર્ડની મતગણતરીમાં આચાર્ય સંવર્ગની બેઠક માટે ટાઈ પડતાં એક તબક્કે બન્ને આચાર્યો માટે ૧ાા - ૧ાા વર્ષની સમય મર્યાદા નક્કી કરો તેવું પણ ઉમેદવારોના સમર્થકો જણાવતાં કાઉન્ટીંગ હોલમાં હાસ્ય રેલાયું હતું.




# આગામી સપ્તાહમાં નવા જિલ્લા માટે જિલ્લા કલેકટરો, ડીડીઓની નિમણુંક કરાશે

ગાંધીનગર, તા. ૨૩

નવ રચિત જિલ્લાઓ માટે જિલ્લા કલેકટરો ડી.ડી.ઓ અને એસ.પી.ની નિમણુંકો કરવા માટેની કવાયત સંબંધિત વિભાગો દ્વારા હાથ ધરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૧૫મી ઓગષ્ટના રોજ રાજયમાં નવા સાત જિલ્લાઓની રચનાઓ માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે તેવી શકયતા છે. આથી નવા જિલ્લાઓની રચના થયે આ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરો જિલ્લા વિકાસ અધિકારીઓ અને જિલ્લા પોલિસ અધિક્ષકો ઉપલબ્ધ થાય તે માટેની પ્રક્રિયા હાથ ધરવા વિભાગને સૂચના આપવામાં આવી છે. આ સૂચનને પગલે આગામી ૧૫મી ઓગષ્ટ પહેલા નવા જિલ્લાઓની રચના અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ થાય તેની સાથે જ નવા જિલ્લાઓમાં જિલ્લા કલેકટરો જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પોલીસ અધિક્ષક સહીતના ક્ષેત્રીય કચેરીઓ માટે સ્ટાફ ફાળવવા માટેની પ્રક્રિયા સંબંધિત વિભાગો દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# મધ્યરાત્રિએ મેઘરાજાની મહેર

## અસહ્ય ઉકળાટ બાદ શહેરમાં એક ઈંચ, જિલ્લામાં ૧ાા ઈંચથી વધુનો વરસાદ

ગાંધીનગર, તા. ૨૩

અસહ્ય ઉકળાટ બાદ સોમવારની મધ્યરાત્રિએ વરસાદ તુટી પડયો હતો. લગભગ ત્રણ ચાર કલાક સુધી ધીમી ધારે પડેલા વરસાદથી ઠંડક છવાઈ ગઈ હતી. એકાદ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી તડકી-છાંયડીનો માહોલ છવાયેલો છે. કયારેક આકાશમાં ઘટાટોપ વાદળો છવાઈ જાય છે તો કયારેક તડકો નીકળે છે. વરસાદી ઝાપટું પણ કયારેક પડી જાય છે. ગઈ કાલે આખો દિવસ આકાશ વાદળોથી છવાયેલું રહ્યું હતું. બફારો અસહ્ય હતો. વસાહતીઓ પરસેવાથી નીતરી ગયા હતા. બફારા અને પરસેવાથી કંટાળેલા વસાહતીઓ કયારે વરસાદ પડે તેની જ રાહ જોતા હતા. આકાશમાં વાદળો ઘેરાયા હતા પરંતુ વરસાદ ન પડતા વસાહતીઓ કંટાળ્યા હતા અને ખુલ્લી હવા લેવા બહાર નીકળી પડયા હતા. છેક રાત્રે દસ સાડા દસ વાગે

● અનુસંધાન પાના - ૭ પર

# ઉદ્યાનોમાં લાઈટીંગ ટાવર ઉભા કરવાની યોજના પડી ભાંગી !

શહેરના ઉદ્યાનોમાં રાત્રિ દરમિયાન યોગ્ય અજવાળુ પાથરવા લાઈટીંગ ટાવર મુકવાની યોજના પડી ભાંગી છે. અત્યાર સુધી સરિતાઉદ્યાન તેમજ સે-૮ના બગીચા સહિત ચાર ઠેકાણે લાઈટીંગ પોલ ફીટ કરવામાં આવ્યા છે. પરંતુ સેકટરોમાં સ્થિત ૬૦ જેટલા બગીચાઓ માટે આ આયોજન પડતું મુકાતા શહેના ઉદ્યાનોમાં અંધારું ઉલેચવાનું કામ મુશ્કેલ બન્યું છે.

શહેરના સેકટરોમાં સ્થિત બગીચાઓમાં પાયાની સુવિધા તેમજ બાળકોના આનંદ પ્રમોદના સાધનોનો અભાવ વર્તાય છે. ઉદ્યાનોની યોગ્ય જાળવણીના અભાવે સેકટરોના અમુક ઉદ્યાનોમાં હરિયાળી લોન સિવાય કશું જ નથી. જયારે ઉનાળામાં લોન સુકાઈ જતા આ ઉદ્યાનો પણ ઉજ્જડ બને છે. બીજા તરફ બગીચામાં લાઈટની સુવિધાના અભાવે સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. સોલાર લાઈટ ફીટ કરવાનો પ્રયોગ પણ નિષ્ફળ જતા બગીચાઓમાં રાત્રિના સમયે અંધારપટ છવાયેલો રહે છે. પરીણામે રાત્રીના સમયે સેકટરોના કેટલાક ઉદ્યાનોમાં દુષણો પાંગરતા હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી છે. સંજોગોમાં પાટનગર યોજના વિભાગની ઈલેકટ્રીક શાખા દ્વારા સરિતા ઉદ્યાન સહિત નગરના બગીચાઓમાં લાઈટીંગ ટાવર ઉભા કરવાની કાર્યયોજના હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જયારે સરીતા ઉદ્યાન તેમજ સે-૮ના બગીચામાં પ્રકાશ પાથરતા આ ટાવર ઉભા કરી દેવાયા છે. સેકટરોના અન્ય બગીચાઓ માટે યોજના સંદર્ભે ખર્ચની મંજૂરી ન મળતા આખો પ્રોજેકટ પડતો મુકવામાં આવ્યો છે. સેકટરોના તમામ ઉદ્યાનોમાં સુવિધા ઉભી કરવા માટે અંદાજિત રૂ. ૬૦ લાખનો ખર્ચ થાય તેમ છે. પરંતુ વિભાગ કક્ષાએથી આ મામલે મંજુરી ન અપાતા કામગીરી આખરે પડતી મુકવામાં આવી છે. બગીચાઓમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોના ઉદ્યાનોમાં રાત્રિ દરમિયાન અજવાળું પથરાય માટે આ પ્રકારના લાઈટીંગ ટાવર ઉભા કરવા પણ નાગરિકોએ સૂર પૂરાવ્યો છે.







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com